**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૫ ટકા

# શહેરમાં ઉત્સાહપૂર્વક રંગપર્વ ઉજવાયો









ગાંધીનગર, તા.૧૧

રંગોનું પર્વ ધૂળેટીની ઉજવણી શહેરમાં ધામધૂમથી કરવામાં આવી હતી. યુવાઓનો આ ફેવરીટ દિવસ. આ દિવસનો એક અનેરો માહોલ શહેરમાં જોવા મળ્યો હતો. આમ તો કોરોના વાયરસના ડરથી શહેરીજનો ઉજવણીમાં પાછા પડશે તેમ લાગી રહ્યું હતું પરંતુ શહેરમાં દર વર્ષ કરતા આ વર્ષે અનેરો ઉત્સાહ જણાઈ રહ્યો હતો. ઘ-૪ સ્વર્ણિમ પાર્કની એક બાજુ બંધ હોવાથી દાંડીકુટીર તરફ જવાના પટ્ટા બાજુ યુવાનો ધૂળેટી રમતા જણાયા હતા. ઉપરાંત સ્વર્ણિમ પાર્ક બગીચાની અંદર પણ યુવાનો રંગે રંગાઈ ગરબા રમી મોજ કરતા જોવા મળ્યા હતા. શહેરની સોસાયટીની બહાર નાના બાળકો તથા પરિવાર મળીને ધૂળેટીની મજા માણી રહ્યા હતા ત્યારે શહેરમાં અમુક જગ્યાએ હોળી પાર્ટી યોજાઈ હતી. જયાં યુવાનો તથા મોટાઓ ભેગા થઈને ડાન્સ સાથે ધૂળેટીનો આનંદ માણતા દેખાયા હતા. સવારે નાસ્તાની લારી પર ભીડ જોવા મળી હતી ત્યારે શહેરના રોડ ઉપર યુવાનોએ ગાડી અને ટુ વ્હીલર પર રાઈડ યોજી ધૂળેટીની મજા માણી હતી. સાંજના સમયે શહેરના હોટલ, રેસ્ટોરન્ટ સાથે ખાણી પીણી બજારમાં ભીડ જોવા મળી હતી. બપોરે પણ હોળી રમ્યા બાદ યુવાનો કલરથી રંગાયેલા પીત્ઝા અને બર્ગરની મજા માણતા જણાતા હતા. દરેકે ઓર્ગેનીક કલરનો જ ઉપયોગ કરી ધૂળેટી ઉજવી હતી. સફેદ કપડામાં સજ્જ અને ત્યારબાદ રંગેબરંગી કલરથી રંગાયેલી શહેરીજનો જાણે ગાંધીનગરની ઓળખાણ આપી રહ્યા હતા. સાથોસાથ સોશિયલ મીડિયામાં પણ ધૂળેટી રમ્યા બાદ #Holi2k20, # Gandhinagar #Gujarat, # મોજીલું ગાંધીનગરથી યુવાનોએ ફોટો અપલોડ કર્યા હતા.

# સેકટર-૮ ત્રણ સરકારી મકાનના તાળા તુટ્યા : ૧.૧૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો બેફામ બની ઘરફોડ ચોરીને અંજામ આપી રહ્યા છે. શહેરના રહેણાંક વિસ્તારમાં બંધ મકાનોને સરળતાથી નિશાન બનાવી ચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે હોળી-ધુળેટીના પર્વની ઉજવણીમાં પરિવાર બહારગામ ગયો હતો, તેવા સમયે વીઆઈપી ગણાતા સેકટર-૮ના સરકારી આવાસમાં તસ્કરોએ ત્રણ મકાનના તાળા તુટ્યાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે બે મકાનમાંથી ચોર ઈસમોએ ૧.૧૫ લાખની મત્તાની ચોરી કરી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૮ ઘ-૧ ટાઈપ બ્લોક નં. ૭૦૯-૬ ખાતે રહેતા અને માર્ગ મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા બિરજુ હરેશભાઈ જાની પોતાના પરિવાર સાથે રહે છે. હોળી-ધુળેટીના પર્વને લઈને બિરજુભાઈ તા.૭ માર્ચના રોજ ઘરને લોક મારીને પત્ની સાથે પાલનપુર વતન ખાતે ગયા હતા. ધુળેટીના બીજા દિવસે તેમના બ્લોકમાં ૭૦૯-૩ ખાતે રહેતા પ્રવિણભાઈ નીલકંઠભાઈ ભંડારીનો ફોન આવ્યો હતો. તેઓએ પોતાના ઘરે અને



બિરજુભાઈના ઘરે ચોરી થયાની જાણ થઈ હતી. ફોન મળતા જ ગાંધીનગર દોડી આવેલા બિરજુભાઈએ ઘરની અંદર તપાસ કરતા ઘરમાં રહેલુ સોનાનું મંગળસુત્ર, અને એક કાંડા ઘડીયાળ મળી કુલ ૬૬ હજારની મત્તા ગુમ હતી. તો બીજીતરફ બ્લોક નં. ૭૦૮-૫ ખાતે રહેતા અને સેકટર-૧૭ નાયબ વન સંરક્ષકની કચેરી ખાતે ફરજ બજાવતા નેવીલ વિરસંગભાઈ ચૌધરી વસવાટ કરે છે. તેઓ પણ તહેવારને અનુલક્ષી પોતાના વતન મહેસાણા ખાતે ગયા હતા. ધુળેટીના દિવસે સાંજે તેઓ ઘરે પરત ફર્યા હતા, ત્યારે ઘરના દરવાજા ખુલ્લા જોવા મળ્યા હતા. ઘરમાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીના અને રોકડ ૧ હજાર મળીને કુલ ૪૯,૬૦૦ની મત્તાની ચોરી થઈ હતી. સે-૮ ખાતે ત્રણ મકાનના તાળા તુટતા સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ છવાયો છે.



શહેરમાં હોળી-ધુળેટીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના 'ખાડા ગૃપ'ના ક્રિકેટ પ્રેમી મિત્રોએ ધુળીટના તહેવારની રજાનો ઉપયોગ ક્રિકેટ રમવા માટે કર્યો પરંતુ ક્રિકેટ રમ્યા પછી મિત્રોએ સાથે મળીને ધુળેટી રમવાનો આનંદ પણ માણ્યો હતો.

# ચિલોડા આર્મી કેમ્પ પાસે કારની ટક્કરે મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આર્મી કેમ્પ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક પર સવાર દંપતિ ચંદ્રાલા થી લપકામણ ગામ જઈ રહ્યું હતું ત્યારે આ અકસ્માત નડ્યો હતો જેમાં મહિલાનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ચંદ્રાલા ગામના વતની રાજેશભાઈ રાવળ અને તેમના પત્ની સજનબેન રાવળ બાઈક પર આજે સવારે લપકામણ ગામ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સવારના સુમારે આર્મી કેમ્પ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે સી.એચ.૦૧.ડી.કયુ-૨૯૧૯ નંબરની કારના ચાલકે બાઈકને અડફેટે લીધુ હતુ. જેથી દંપતિ માર્ગ પર પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાને પગલે સજનબેનનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતુ. જયારે રાજેશભાઈને સિવિલમાં સારવાર આપવામાં આવી હતી. બનાવ અંગે રાજેશભાઈના ભાઈ બકાભાઈ ખોડાભાઈ રાવળની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




સ્મિત મ્યુઝિક દ્વારા વિશ્વ મહિલા દિનની સંગીતમય ઉજવણી કરવામાં આવી હતી.

# ટીપી-૯ની સાર્વજનિક હોળીના દર્શને મહેરામણ ઉમટયો



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના દક્ષિણ પ્રવેશદ્વારે સુંદર અને રમણીય વિસ્તાર ટીપી-૯ના સરગાસણમાં સાર્વજનિક હોલીકા દહનનો અદભૂત પ્રસંગ અહીંયા વસાહત મંડળ પ્રયાસ ટ્રસ્ટે યોજયો હતો. પર્યાવરણ બચાવ અને સ્થાનિક રહીશોની એકતાનું ભવ્ય આયોજન હોળી પ્રસંગે જોવા મળ્યું હતું. દર વર્ષે આ વિસ્તારની તમામ સોસાયટી પોતપોતાની રીતે અલગ અલગ હોલીકા દહન પ્રસંગ કરતી હતી. જે સોસાયટીઓ પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના સંગઠીત પ્રયાસને આવકારીને એક જ સ્થળે હોલીકાદહન પ્રસંગે એકઠા થયા હતા. લગભગ ૭૦૦૦થી વધુ રહીશોએ અદભૂત હોલીકા દહનનો દર્શનનો લાભ લઈ વિતરણ થતો પ્રસાદ મેળવ્યો હતો. આ આયોજનમાં વિસ્તારની તમામ સોસાયટીના રહીશોએ સ્વયં કામકાજ સંભાળીને પ્રસંગને દીપાવ્યો હતો. પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના આ પ્રથમ પ્રયાસને મળેલી જબરદસ્ત સફળતા સાથે સ્થાનિક રહીશોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેરા તથા સેક્રેટરી હિમ્મતભાઈ પટેલે સૌને એકસુત્રતા જાળવી સૌના સહીયારા આ પ્રયાસને બિરદાવ્યો હતો અને આભાર વ્યકત કર્યો હતો. પર્યાવરણ બચાવ ઝુંબેશમાં આ હોળીકા દહનમાં કપુર, ઈલાયચી, છાણા તથા વિવિધ ઔષધિઓનો હોમ કરી દરેકના સ્વાસ્થ્ય સારા રહે તવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા 'હોલિકા દહન' ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા હોલિકા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સેકટરના વસાહતીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રમુખ શિવાભાઈ પટેલ, ઉપપ્રમુખ જશવંતભાઈ ગાંધીએ દર્શનાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ખજાનચી અમૃતલાલ પટેલ, સહમંત્રી વિપુલ પટેલ, પ્રો. અશોક પટેલે વગેરેએ હોલિકા દહનની તેમજ પ્રસાદ વિતરણની વ્યવસ્થા સંભાળી હતી. પ્રથમ બાળકને હોલિકા દર્શનમાં પગે લગાડવાની પુરાણી પ્રથા અનુસાર બાળકોને ઢોલ-નગારા સાથે વાગતે ગાજતે દર્શન કરાવવામાં આવ્યા હતા. આ સમયે સુંદર નજારો જામ્યો હતો. કોરોના વાયરસને ધ્યાનમાં રાખી ધુળેટીનો રંગમિલન અને જમણવારનો પ્રોગ્રામ બંધ રાખવામાં આવ્યો હતો. પ્રમુખ શિવાભાઈ પટેલ, ઉપપ્રમુખ જશવંતભાઈ ગાંધીએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

# આજથી સે-૧૫માં આઈઆઈટીઈ ખાતે સંસ્કૃત સંભાષણ કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેકટર-૧૫માં ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન-આઈઆઈટીઈ દ્વારા તા. ૧૨મી માર્ચ ગુરુવારથી સંસ્કૃત સંભાષણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. આ કેન્દ્રમાં ત્રણ માસની સમયાવધિના સંસ્કૃત સંભાષણના વર્ગ ચલાવવામાં આવશે. આ વર્ગો સપ્તાહમાં ત્રણ દિવસ લેવામાં આવશે. જેના સમાપને સફળતાપૂર્વક તાલીમ પુરી કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત તા. ૧૨ માર્ચના રોજ 'સંસ્કૃત' સાહિત્યમાં વિજ્ઞાન અને ટેકનોલોજી' વિષય આધારિત પ્રદર્શન પણ ખુલ્લું મુકવામાં આવશે.

આઈઆઈટીઈ ખાતે પ્રારંભ થઈ રહેલા સંસ્કૃત સંભાષણ વર્ગની તાલીમનો લાભ અન્ય ભાષા શીખવામાં રસ ધરાવનારા નગરજનો પણ લઈ શકશે. આ વર્ગમાં જોડાવા માટે આઈઆઈટીઈની વેબસાઈટ **www.iite.ac.in** ઉપર આપવામાં આવેલ લિંક દ્વારા નોધણી કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વના આશરે ૧૭ જેટલા દેશમાં ટેકનિકલ અભ્યાસક્રમમાં સંસ્કૃત વિષય ભણાવવામાં આવે છે. સંસ્કૃતમાં જીવવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન જેવા મૂળ વિજ્ઞાન ઉપરાંત ભાષા શાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજયશાસ્ત્ર, કાયદા શાસ્ત્ર જેવા પાયાના શાસ્ત્રો સાથે નૌકાશાસ્ત્ર, વિમાનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર જેવા ઉપયોગી શાસ્ત્રોનો સમાવેશ થાય છે. સંસ્કૃતમાં વિજ્ઞાનનો ખજાનો છે અને સંસ્કૃત એક માત્ર એવી ભાષા છે જેમાં ઓછા શબ્દો સાથે વાકય નિર્માણ થઈ શકે છે અને વાક્યના કોઈ પણ શબ્દથી વાક્યરચનાનો પ્રારંભ થાય તો પણ વાકયનો અર્થ બદલાતો નથી.



સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા હોળી નિમિત્તે ધાણી, ખજૂર, સીંગ અને ચણાનું વિતરણ સે-૧૪ ગોકુલપુરા પ્રાથમિક શાળા તથા આંગણવાડી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં દામિનીબેન લાખીઆ, શિલાબેન શાહ, જશુબેન ઠકકર, મીનાબેન શાહ, આશાબેન દોશી, મનિષાબેન ત્રિપાઠી, મીરાબેન મેઘરામણી, રીટાબેન જાની અને અનિલાબેને સેવા પૂરી પાડી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**બાગી-૩**
૮.૩૫, ૧૦.૦૫, ૧૧.૦૦, ૧૧.૪૫, ૧.૧૫, ૨.૧૦, ૨.૫૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૦૫, ૭.૩૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫
**થપ્પડ**
૪.૩૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૨૦, ૫.૨૫, ૭.૩૦, ૧૦.૩૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૦.૧૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૧૧.૦૫
**મલંગ**
૧.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**બાગી-૩**
૯.૦૫, ૯.૩૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૫૫, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૫, ૬.૦૫, ૭.૦૫, ૮.૧૫, ૯.૧૫, ૯.૪૫, ૧૦.૧૫
**થપ્પડ** - ૬.૩૫
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**તાન્હાજી**
૩.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**બાગી-૩**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧.૧૫
**થપ્પડ** - ૬.૪૫

**સિટી પલ્સ, કુડાસણ**

**બાઘી**
૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**થપ્પડ**
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫

## ચ-૩ પાસેના દિવેલીયા કાદવની સફાઈ કરવા માંગ

ગાંધીનગર, તા.૧૧

શહેરના ચ-૩ સર્કલ પાસે એક દિવેલ ભરેલી ટ્રક ઊંધી વળી ગઈ હતી. રસ્તા પર ઢોળાઈ ગયેલા દિવેલથી કોઈ વાહનને નુકશાન ન થાય તે અર્થે થોડો સમય રસ્તો બંધ કરી દિવેલ ઉપર માટી વાળી દેવાઈ હતી જેથી આવતા જતા વાહન દિવેલ ઉપર પસાર થઈ સ્લિપ ન થઈ જાય અને કોઈ અકસ્માત ન સર્જાય આ વાતને ઘણા દિવસો પસાર થઈ ગયા પરંતુ અહીં પાથરેલી માટી રોડ ઉપર જામી ગઈ છે. હવે ઉનાળો આવવાને લીધે આવનાર ગરમીથી જો આ દિવેલ પર પાથરેલી માટી ગળશે તો ફરીથી રસ્તો ચિકાશવાળો થઈ જશે. રસ્તા પરથી હજી દિવેલની સ્મેલ આવી જ રહી છે. ચાર રસ્તા પરથી પસાર થતા શહેરીજનોની માંગ છે કે આ દિવલીયા કાદવને સાફ કરી દેવાય.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ મનુભાઈ વાળંદ, ઉ.વ. ૫૨
- સ્વ. પટેલ મંગળભાઈ મગનભાઈ, ઉ.વ. ૮૧
- સ્વ. હેમતુજી કાળુજી ગોહિલ, ઉ.વ. ૭૦
- સ્વ. લીલા નાયર, ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર ધૂળાજી નાથાજી, ઉ.વ. ૮૦
- સ્વ. અરવિંદસિંહ મગનજીસિંહ બિહોલા, ઉ.વ. ૬૨
- સ્વ. પટેલ કુંદનકુમાર દ્વારકાદાસ, ઉ.વ. ૬૮
- સ્વ. દિલીપકુમાર રામભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬
- સ્વ. ઠાકોર પ્રહલાદજી રઈજીજી, ઉ.વ. ૬૩